### સયાજીગંજ વિસ્તારમાં તંગદિલી: કોર્પોરેશને કેરેટ અને શેડ જપ્ત કર્યા

# શહેરના કડક બજારમાં દબાણ હટાવવા ગયેલી ટીમનો વેપારીઓ દ્વારા ઘેરાવ

## જપ્ત કરેલો માલસામાન ભરેલી ટ્રક મૂકીને ડ્રાઈવર ભાગ્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.1

શહેરના અત્યંત ધમધમતા અને વેપારી મથક ગણાતા સયાજીગંજ વિસ્તારમાં આવેલા કડક બજારમાં શનિવારે મ્યુનિસિપલ કોર્પોરેશનની દબાણ શાખાની ટીમે હાથ ધરેલી દબાણ હટાવ ઝુંબેશ દરમિયાન ભારે ધમાસણ અને હોબાળો મચી ગયો હતો. મુખ્ય માર્ગ પર વેપારીઓ દ્વારા કરવામાં આવેલા ગેરકાયદે દબાણો તેમજ લારી-પથારા હટાવવા ગયેલી ટીમનો સ્થાનિક વેપારીઓએ ઉગ્ર વિરોધ કરી ઘેરાવ કરતા પરિસ્થિતિ તંગ બની ગઈ હતી. કર્મચારીઓ અને વેપારીઓ વચ્ચે થયેલા તીવ્ર ઘર્ષણને પગલે કોર્પોરેશનની દબાણ હટાવ કામગીરી થોડા સમય માટે ખોરવાઈ ગઈ હતી. કડક બજાર વિસ્તારમાં મુખ્ય માર્ગ પર વેપારીઓ દ્વારા દુકાનની બહાર સામાન મૂકીને કરાતા દબાણો અને લારી-પથારા ધારકોના કારણે રસ્તો સાંકડો થઈ જતો હતો. જેના કારણે અવારનવાર



વાહનચાલકો અને રાહદારીઓને ભારે ટ્રાફિકજામની મુશ્કેલીઓ વેઠવી પડતી હતી. આ અંગે મ્યુનિસિપલ કોર્પોરેશનને વ્યાપક ફરિયાદો મળી હતી, જેના આધારે કોર્પોરેશનની દબાણ શાખાની ટીમ લશ્કર સાથે ઘટનાસ્થળે કાર્યવાહી કરવા પહોંચી હતી. દબાણ શાખાની ટીમે રસ્તા પરથી ગેરકાયદે સામગ્રી અને દબાણો હટાવવાની કામગીરી શરૂ કરી તે સાથે જ આસપાસના વેપારીઓ મોટી સંખ્યામાં એકત્ર થઈ ગયા હતા. વેપારીઓએ કોર્પોરેશનના અધિકારીઓ અને કર્મચારીઓનો ઘેરાવ કરીને કામગીરી અટકાવવાનો પ્રયાસ કર્યો હતો.

આ દરમિયાન કોર્પોરેશન સ્ટાફ અને વેપારીઓ વચ્ચે સામસામે શાબ્દિક તકરાર અને ઉગ્ર ઘર્ષણ સર્જાયું હતું. માહોલ એટલો વણસી ગયો હતો કે જપ્ત કરેલો માલસામાન ભરેલી ટ્રકના ડ્રાઈવરને પોતાની સુરક્ષા ખાતર ટ્રક ઘટનાસ્થળે જ મૂકીને ત્યાંથી નીકળી જવાની ફરજ પડી હતી. ભારે હોબાળા અને વિરોધ વચ્ચે પણ મ્યુનિસિપલ કોર્પોરેશનની ટીમે પોતાની કામગીરી ચાલુ રાખી હતી અને કડક બજારમાંથી રસ્તા પર મુકેલા શાકભાજી તથા માલસામાનના કેરેટ, ગેરકાયદે ઊભા કરાયેલા શેડ તેમજ અન્ય સાધન-સામગ્રી જપ્ત કરી લીધી હતી. ઘટનાને પગલે વિસ્તારમાં થોડા સમય માટે ભારે અફરાતફરી અને તંગદિલીનો માહોલ સર્જાયો હતો.

### વેબસાઈટ અને નામ ચોરી કરી ગ્રાહકો સાથે ફ્રોડ કરવાનો ગંભીર આક્ષેપ

# જગદીશ ફરસાણના નામે છેતરપિંડી, રજિસ્ટર્ડ ટ્રેડમાર્ક અને ડેટાની ચોરી

**ઈસ્કોન** જનમહલમાં દુકાન ધરાવતા પિતા-પુત્ર સામે પેઢીના સંચાલકની ફરીયાદ

(પ્રતિનિધિ) વડોદરા તા.1

વડોદરાની વિશ્વપ્રસિદ્ધ અને 88 વર્ષ જૂની જગદીશ ફરસાણ બ્રાન્ડના નામે ટ્રેડમાર્ક, કોપીરાઈટ અને વેબસાઈટની માહિતીની ચોરી કરી ગ્રાહકો તેમજ મોટી કંપનીઓ સાથે છેતરપિંડી કરવામાં આવી હોવાનો ગંભીર આક્ષેપ સામે આવ્યો છે. આ મામલે મૂળ પેઢીના સંચાલક કલ્પેશભાઈ કંદોઈએ વડોદરા રેલવે સ્ટેશન સામે આવેલા ઈસ્કોન જનમહલમાં દુકાન ધરાવતા રાજુભાઈ શાહ અને તેમના પુત્ર આશિષ રાજુભાઈ શાહ વિરુદ્ધ પોલીસમાં લેખિત ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ વર્ષ 1938માં સ્વ. રતનલાલ કેશવલાલ કંદોઈ દ્વારા સ્થાપિત થયેલી જગદીશ ફરસાણ આજે મેસર્સ જગદીશ ફરસાણ પ્રા. લિ. હેઠળ કલ્પેશભાઈ કંદોઈ અને તેમના પુત્ર આકાશ કંદોઈ સંચાલિત કરે છે. વડોદરા શહેરમાં કંપનીની 14 શાખાઓ કાર્યરત છે અને લીલો ચેવડો તથા ભાખરવાડી જેવી પ્રોડક્ટ્સ દેશ-વિદેશમાં પ્રસિદ્ધ છે. ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે આરોપીઓનો મૂળ જગદીશ ફરસાણ સાથે કોઈ સંબંધ ન હોવા છતાં તેમણે મૂળ વેબસાઈટ પરથી 1938થી શરૂ થયેલા ઈતિહાસ સહિતની વિગતો શબ્દશઃ નકલ કરી પોતાની વેબસાઈટ બનાવી હતી.

ઉપરાંત રજિસ્ટર્ડ ટ્રેડમાર્કનો ગેરકાયદે ઉપયોગ કરીને ગ્રાહકોને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોવાનું પણ જણાવાયું છે. આરોપ છે કે સ્ટેશન વિસ્તારનો લાભ લઈ હાઈવે સહિત વિવિધ સ્થળોએ બોગસ ફ્રેન્ચાઈઝી શરૂ કરી હલકી ગુણવત્તાની પ્રોડક્ટ્સનું વેચાણ કરવામાં આવતું હતું, જેના કારણે મૂળ બ્રાન્ડની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચ્યું છે. એટલું જ નહીં, ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (BPCL) જેવી પ્રતિષ્ઠિત કંપનીઓ સાથે પણ મૂળ જગદીશ ફરસાણના નામનો ઉપયોગ કરી કોન્ટ્રાક્ટ મેળવવામાં આવ્યા હોવાનો આક્ષેપ ફરિયાદમાં કરવામાં આવ્યો છે. કલ્પેશભાઈ કંદોઈએ જણાવ્યું છે કે છેલ્લા ત્રણેક વર્ષથી નકલી વેબસાઈટ, ટ્રેડમાર્ક અને બ્રાન્ડના નામનો ગેરકાયદે ઉપયોગ કરીને ગ્રાહકો તેમજ કોર્પોરેટ કંપનીઓને ગેરમાર્ગે દોરવામાં આવી રહ્યા છે.

સમગ્ર મામલે જવાબદાર પિતા-પુત્ર સામે કડક કાયદેસરની કાર્યવાહી કરી બ્રાન્ડની વિશ્વસનીયતા અને ગ્રાહકોના હિતનું રક્ષણ કરવામાં આવે તેવી માંગ પોલીસ સમક્ષ કરવામાં આવી છે.

### સળિયા ચોરવાના ઈરાદે ૩ થી ૪ અજાણ્યા તસ્કરો ઘૂસ્યા

# સયાજી હોસ્પિટલના ડોક્ટર ક્વાર્ટરમાં ચોરોનો ત્રાસ, સિક્યુરિટી ગાર્ડ પર હુમલો

**ફરજ પરના** સિક્યુરિટી ગાર્ડે તસ્કરોને પડકારીને રોકવાનો પ્રયાસ કર્યો

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧

સયાજી હોસ્પિટલના યવતેશ્વર મહાદેવ મંદિર પાસે આવેલા ડોક્ટર ક્વાર્ટર ખાતે વ્હેલી સવારે ચોરીના ઈરાદે ઘૂસેલા અજાણ્યા ઈસમોએ ફરજ પરના સિક્યુરિટી ગાર્ડ પર હુમલો કરી નાસી છૂટવાની ઘટના સામે આવી છે. આ મામલે રાવપુરા પોલીસ મથકે સત્તાવાર ફરિયાદ નોંધાવવામાં આવી છે, જેના આધારે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, સયાજી હોસ્પિટલના તબીબો માટે યવતેશ્વર મહાદેવ મંદિર નજીક ડોક્ટર ક્વાર્ટર્સ આવેલા છે. હાલમાં જ આ વિસ્તારમાં આવેલી ગેરકાયદેસર ઈમારતોને દૂર કરવાની કામગીરી તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી હતી.

આ કાર્યવાહી બાદ સ્થળ પર લોખંડના સળિયા સહિતનો મટિરિયલ્સ પડ્યો હતો. આજે વ્હેલી સવારે આશરે ૪:૦૦ થી ૬:૦૦ વાગ્યાના સમયગાળા દરમિયાન ૩ થી ૪ અજાણ્યા શખ્સો સ્થળ પર પડેલા સળિયા ચોરી કરવાના હેતુથી ડોક્ટર ક્વાર્ટરના પરિસરમાં ગેરકાયદે પ્રવેશ્યા હતા. પરિસરની ચોકી કરી રહેલા 'રજસ એન્ટરપ્રાઈઝ' (જે સયાજી હોસ્પિટલમાં સિક્યુરિટી ગાર્ડનો કોન્ટ્રાક્ટ ધરાવે છે) ના કર્મચારી અને સિક્યુરિટી ગાર્ડ અશફાકખાન રફીકખાન પઠાણે તસ્કરોને શંકાસ્પદ હાલતમાં જોઈને રોકવાનો પ્રયાસ કર્યો હતો. જો કે, ઉશ્કેરાયેલા તસ્કરોએ સિક્યુરિટી ગાર્ડ અશફાકખાન સાથે ઉગ્ર બોલાચાલી કરી લાકડીઓ અને ધોકા વડે મારઝૂડ કરી હતી અને ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયા હતા. ઘટનાની જાણ થતા જ સયાજી હોસ્પિટલના સિક્યુરિટી સુપરવાઈઝર અને અન્ય સ્ટાફ ત્વરિત ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્ત સિક્યુરિટી ગાર્ડની ખબર-અંતર પૂછી હતી.

ત્યારબાદ સમગ્ર મામલે રાવપુરા પોલીસ મથકમાં અજાણ્યા ઈસમો વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે આસપાસના વિસ્તારના સીસીટીવી ફૂટેજ મેળવીને ફરાર થઈ ગયેલા હુમલોખોરોને ઝડપી પાડવા માટેના ચક્રોગતિમાન કર્યા છે.

### વકીલ મંડળની જાહેરાત, ડિસ્ટ્રિક્ટ રજીસ્ટ્રારને પણ જાણ કરાઇ

# ભારે વરસાદને લઈ જુનિયર વકીલોનો પ્રશિક્ષણ વર્ગ મોકૂફ

**વકીલ કે પક્ષકાર** આજે કોર્ટમાં હાજર ન રહે તો તેમની વિરુદ્ધમાં કોઈ પણ પ્રકારનો ઓર્ડર પસાર કરવામાં આવશે નહીં



(પ્રતિનિધિ), વડોદરા. તા.1

ગુજરાતમાં પડી રહેલા ભારે થી અતિભારે વરસાદની આગાહીના પગલે વડોદરા વકીલ મંડળ દ્વારા બે મહત્વના નિર્ણયો જાહેર કરાયા છે. વડોદરા વકીલ મંડળ દ્વારા જુનિયર વકીલો માટે આજે શનિવારે બપોરે 2:00 કલાકે જ્ઞાન ભવન, ન્યાય મંદિર કોર્ટ સંકુલ, દિવાળીપુરા ખાતે સિનિયર વકીલ કૌશિકભાઈ એમ. ભટ્ટનું ક્રિમિનલ ટ્રાયલ વિષય પર પ્રશિક્ષણ વર્ગનું આયોજન કરવામાં આવ્યું હતું. પરંતુ વરસાદી સ્થિતિને ધ્યાનમાં રાખીને આ પ્રશિક્ષણ વર્ગ આજે મોકુફ રાખવામાં આવ્યો છે. આ સાથે જ વડોદરા વકીલ મંડળ દ્વારા જણાવવામાં આવ્યું છે કે આજે સમગ્ર રાજ્યમાં વરસાદી માહોલને કારણે મેં. વડોદરા ડિસ્ટ્રિક્ટ રજીસ્ટ્રારને પણ જાણ કરવામાં આવી છે. જેના પગલે કોઈપણ વકીલ કે પક્ષકાર જો આજે કોર્ટમાં હાજર ન રહે તો તેમની વિરુદ્ધમાં કોઈ પણ પ્રકારનો ઓર્ડર પસાર કરવામાં આવશે નહીં. વકીલ મંડળે તમામ વકીલોને આ બંને બાબતની નોંધ લેવા વિનંતી કરવામાં આવી છે.

### ૪ ઓગસ્ટે નવી બોર્ડ બોડી અને હોદ્દેદારોની નિમણૂક થશે

# બરોડા ડેરીના ચેરમેન-વાઈસ ચેરમેનની ચૂંટણી પૂર્વે સેન્સ પ્રક્રિયા પૂર્ણ કરાઈ

(પ્રતિનિધિ), વડોદરા. તા.1

વડોદરા જિલ્લાની સહકારી ક્ષેત્રની સહુથી મોટી અને મહત્વપૂર્ણ ગણાતી બરોડા ડેરીના ચેરમેન તથા વાઈસ ચેરમેનની આગામી ચૂંટણીને લઈને રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે. સહકારી સંસ્થા પર પ્રભુત્વ મેળવવા અને વહીવટી સૂત્રો સંભાળવા માટે ભાજપ પ્રેરિત જૂથો અને અગ્રણીઓ વચ્ચે ચાલી રહેલી પ્રક્રિયાના ભાગરૂપે આખરે સત્તાવાર ચૂંટણી પૂર્વે સેન્સ લેવાની મહત્વપૂર્ણ પ્રક્રિયા પ્રદેશ અને જિલ્લા ભાજપના નિરીક્ષકોની ઉપસ્થિતિમાં પૂર્ણ કરવામાં આવી છે. ચેરમેન અને વાઈસ ચેરમેનના હોદ્દા માટે યોગ્ય અને સર્વસ્વીકૃત ઉમેદવારોની પસંદગી કરવાના હેતુસર યોજાયેલી આ સેન્સ પ્રક્રિયા દરમિયાન ડેરીના તમામ ડિરેક્ટરો, પૂર્વ હોદ્દેદારો અને સંલગ્ન સહકારી ક્ષેત્રના અગ્રણીઓને વ્યક્તિગત રીતે સાંભળવામાં આવ્યા હતા. ઉપસ્થિત તમામ અગ્રણીઓએ પોતપોતાના મતો, મંતવ્યો અને ભલામણો નિરીક્ષકો સમક્ષ રજૂ કર્યા હતા. તમામ અટકળો અને ગતિરોધનો અંત આણીને ચૂંટણી અધિકારી દ્વારા સત્તાવાર રીતે ચૂંટણીનો કાર્યક્રમ જાહેર કરાતા રાજકારણ ગરમાયું છે. આ નવનિયુક્ત હોદ્દેદારોની બિનહરીફ અથવા ચૂંટણી પ્રક્રિયા દ્વારા આખરી પસંદગી



આ ગામી 4 ઓગસ્ટના રોજ હાથ ધરવામાં આવશે. ભાજપ પ્રદેશ નેતૃત્વ દ્વારા લેવાયેલા સેન્સના આધારે એક બંધ પરબિડીયામાં મેન્ડેટ તૈયાર કરવામાં આવશે, જે ચૂંટણીના દિવસે જ બોલાવાયેલી બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ખાસ બેઠકમાં રજૂ કરવામાં આવશે. સેન્સ પ્રક્રિયા દરમિયાન સહકારી ક્ષેત્રના અનુભવી અને ડેરીના વિકાસ તેમજ પશુપાલકોના હિતમાં સક્રિય ફાળો આપી શકે તેવા સર્વસંમતિ ધરાવતા ઉમેદવારને ચેરમેન અને વાઈસ ચેરમેન બનાવવાની માંગ મોટાભાગના ડિરેક્ટરોએ કરી હોવાનું જાણવા મળ્યું છે. 4 ઓગસ્ટના રોજ યોજાનારી સભામાં પક્ષના મેન્ડેટ મુજબ નવા ચેરમેન અને વાઈસ ચેરમેનની સત્તાવાર નિમણૂક કરવામાં આવશે.

### મેટા મેડિકોન 2026ની વડોદરા યજમાની કરશે

# દેશભરના 1,200થી વધુ તબીબો વડોદરામાં કરશે જ્ઞાનમંથન



( પ્રતિનિધિ ) વડોદરા,તા.1

વડોદરા શહેર 1 અને 2 ઓગસ્ટે યોજાનારી મેટા મેડિકોન 2026 રાષ્ટ્રીય વૈજ્ઞાનિક પરિષદનું યજમાન બનશે. ઈન્ડિયન ડાયાબિટીસ એન્ડ કાર્ડિયોમેટાબોલિક ડિસીઝિસ એસોસિએશન (IDCM)ના આયોજનમાં અને APG, APV, CCDSI તથા CME Indiaના સહયોગથી યોજાનારી આ કોન્ફરન્સમાં દેશભરમાંથી 1,200થી વધુ ફિઝિશિયન, ડાયાબિટોલોજિસ્ટ, કાર્ડિયોલોજિસ્ટ સહિત આરોગ્ય ક્ષેત્રના નિષ્ણાતો ભાગ લેશે. APICON-CCDSICON Gujarat Chapter 2026નું પણ સહ-આયોજન આ પરિષદ સાથે કરવામાં આવ્યું છે. બે દિવસીય પરિષદ દરમિયાન 200થી વધુ રાષ્ટ્રીય ફેકલ્ટી સભ્યો ડાયાબિટીસ, હૃદયરોગ, સ્થૂળતા, કિડનીના રોગો, ક્રિટિકલ કેર, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ડિજિટલ હેલ્થ અને હેલ્થકેર સાયબર સિક્યુરિટી જેવા વિષયો પર વ્યાખ્યાનો, પેનલ ચર્ચાઓ અને ક્લિનિકલ કેસ આધારિત સત્રો યોજશે. ઉપરાંત, વડોદરાના ફિઝિશિયન્સને સભ્યપદ પ્રમાણપત્રોનું વિતરણ તેમજ 25 અગ્રણી તબીબોને FIACCP ફેલોશિપથી સન્માનિત કરવામાં આવશે. ગુજરાત મેડિકલ કાઉન્સિલ દ્વારા કોન્ફરન્સને 7 CME ક્રેડિટ પોઈન્ટ્સ પણ મંજૂર કરાયા છે.

# મેડિકલ ઓલ ઈન્ડિયા ક્વોટામાં હવે વન ટાઈમ ફિઝિકલ રિપોર્ટિંગ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.1

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે એમબીબીએસ અને બીડીએસ પ્રવેશને લઈને મોટો નિર્ણય કર્યો છે. હવેથી ઓલ ઈન્ડિયા ક્વોટાની 15 ટકા બેઠકો માટે વિદ્યાર્થીઓએ દરેક રાઉન્ડમાં કોલેજના ચક્કર કાપવા નહીં પડે. અત્યાર સુધી જે વિદ્યાર્થીને ઓલ ઈન્ડિયા ક્વોટામાં સીટ મળતી હતી તેણે ફી ભરીને ડોક્યુમેન્ટ વેરિફિકેશન માટે દરેક રાઉન્ડમાં ફાળવાયેલી કોલેજમાં જાતે હાજર રહેવું પડતું હતું. જેના કારણે વિદ્યાર્થીઓ અને વાલીઓને ભારે હાલાકી પડતી હતી. નવી સિસ્ટમ મુજબ હવે માત્ર પ્રથમ રાઉન્ડમાં જ એક વખત ફિઝિકલ રિપોર્ટિંગ કરવાનું રહેશે. બેંક ફી અને ટ્યુશન ફી પણ હવે ઓનલાઈન જ ભરી શકાશે. એટલે કે ડોક્યુમેન્ટ સબમિટ કરવા માટે વારંવાર કોલેજ જવાની જરૂર નહીં પડે. પ્રથમ રાઉન્ડ બાદ મળેલી સીટને કન્ફર્મ કરવા માટે વિદ્યાર્થીએ માત્ર ઓનલાઈન પ્રોસેસ પૂર્ણ કરવાની રહેશે.

### ફાયર બ્રિગેડની સમયસૂચકતાથી ટળી મોટી દુર્ઘટના

# શહેરના રાવપુરાની શંકરપોળમાં જર્જરીત મકાનમાંથી પોપડા ખરતા કોર્ડન કરાયું

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧

શહેરના રાવપુરા વિસ્તારના શંકરપોળમાં આજે એક જર્જરીત મકાનના પોપડા અચાનક ખરવાની ઘટના સામે આવી છે. સદનસીબે આ અકસ્માતમાં કોઈ જાનહાની કે ઈજાના સમાચાર નથી, પરંતુ ચોમાસા કે ભારે અવરજવર ટાણે મોટી દુર્ઘટના સર્જાઈ શકે તેવી ભીતિને પગલે સ્થાનિક તંત્ર તાત્કાલિક હરકતમાં આવ્યું હતું. ઘટનાની જાણ થતા જ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી. સ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને સાવચેતીના ભાગરૂપે ફાયર જવાનો દ્વારા તાત્કાલિક બેરીકેડિંગ કરવામાં આવ્યું હતું અને આસપાસનો રસ્તો લોકોની અવરજવર માટે કોર્ડન કરી દેવામાં આવ્યો છે જેથી કોઈ રાહદારી ભોગ ન બને.



આ બનાવ અંગે તાત્કાલિક ધોરણે અન્ય વિભાગોને પણ સૂચિત કરવામાં આવ્યા હતા. જેમાં નિર્ભયા ટીમ સુરક્ષા અને કાયદો-વ્યવસ્થા જાળવવા માટે સ્થળ પર હાજર રહી હતી. ગેસ વિભાગને ગેસ લાઈનમાં કોઈ લીકેજ કે નુકસાન ન થાય તે તપાસવા માટે જાણ કરવામાં આવી. તેમજ વીજ પ્રવાહને કારણે કોઈ અનિચ્છનીય ઘટના ન ઘટે તે માટે વીજ પુરવઠો ધ્યાને રાખી યોગ્ય તકેદારી રાખવા MGVCL ને સૂચના અપાઈ હતી. આ પ્રકારના જોખમી અને અત્યંત જર્જરીત મકાનો સામે વહેલી તકે કડક નોટિસ કે ડિમોલિશનની કાર્યવાહી કરવામાં આવે, જેથી કોઈ મોટી જાનહાની ટાળી શકાય.

### શહેરમાં લીવર ક્લિનિક-ઇન્ટરવેન્શનલ રેડિયોલોજી ક્લિનિકની શરૂઆત

# દર્દીઓને લીવર, હાર્ટ અને બોન મેરોની અદ્યતન સારવાર મળશે

(પ્રતિનિધિ), વડોદરા. તા.1

મરેંગો એશિયા હોસ્પિટલ્સ, વડોદરાએ લીવર ક્લિનિક અને ઈન્ટરવેન્શનલ રેડિયોલોજી ક્લિનિકની શરૂઆત કરીને મધ્ય અને દક્ષિણ ગુજરાતના દર્દીઓ માટે સુપર-સ્પેશિયાલિટી આરોગ્ય સેવાઓને વધુ સુલભ બનાવી છે. લીવર ક્લિનિક અમદાવાદ સ્થિત મરેંગો CIMS હોસ્પિટલના ડૉ. ગૌરવ પટેલ અને તેમની ટીમના સહયોગથી શરૂ કરવામાં આવી છે, જ્યારે ઈન્ટરવેન્શનલ રેડિયોલોજી ક્લિનિકનું સંચાલન સુરત સ્થિત મરેંગો એશિયા હોસ્પિટલ્સના ડૉ. જેની ગાંધી કરશે. મરેંગોના એકીકૃત ક્લિનિકલ કોરિડોર મોડેલ હેઠળ દર્દીઓને લીવર, હાર્ટ અને બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ સહિત ઈન્ટરવેન્શનલ રેડિયોલોજી જેવી અદ્યતન સારવારનો લાભ મળશે. દર્દીઓ પોતાના નજીકના મરેંગો હોસ્પિટલમાં નિષ્ણાત પરામર્શ, નિદાન, સર્જરી પૂર્વે



અને સર્જરી બાદની સારવાર તેમજ લાંબા ગાળાના ફોલો-અપની સુવિધા મેળવી શકશે, જ્યારે જટિલ સારવાર અને ટ્રાન્સપ્લાન્ટ સંબંધિત પ્રક્રિયાઓનું સંકલન અમદાવાદ સ્થિત મરેંગો CIMS હોસ્પિટલ દ્વારા કરવામાં આવશે. લીવર ક્લિનિક દર મહિનાના બીજા મંગળવારે OPD સેવા આપશે, જ્યારે ઈન્ટરવેન્શનલ રેડિયોલોજી ક્લિનિક દર શનિવારે કાર્યરત રહેશે. અહીં વેરિકોઝ વેઈન્સ, ડાયાબિટિક ફૂટ, સ્ટ્રોક, બ્રેઈન એન્યુરિઝમ, સ્તનની ગાંઠ, ગર્ભાશયની ફાઈબ્રોઈડ્સ અને થાયરોઈડ નોડ્યુલ્સ સહિત અનેક રોગોની મિનિમલી ઈન્વેસિવ સારવાર ઉપલબ્ધ રહેશે.

### વડોદરામાં ભારે વરસાદ વચ્ચે ૧૦૮ની કટોકટીના સમયમાં ઉત્કૃષ્ટ કામગીરી

# જળબંબાકારની સ્થિતિમાં ત્રણ દિવસમાં ૭૩૦થી વધુ ઈમરજન્સી કેસ હેન્ડલ કર્યા

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧

વડોદરા શહેર અને જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી મેઘરાજાએ જમાવેલા જોરદાર જોર અને ભારે વરસાદી માહોલ વચ્ચે જનજીવન પ્રભાવિત થયું છે, ત્યારે આપાતકાલીન પરિસ્થિતિમાં નાગરિકો માટે આરોગ્ય વિભાગની '૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવા' તારણહાર સાબિત થઈ છે. ખરાબ હવામાન અને અનેક વિસ્તારોમાં પાણી ભરાવાની વ્યાપક સમસ્યા વચ્ચે પણ ૧૦૮ની ટીમોએ પોતાની ફરજને સર્વોપરી ગણીને અવિરત સેવાઓ આપી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ગત તા. ૨૯ થી ૩૧ જુલાઈ ૨૦૨૬ દરમિયાન વડોદરા જિલ્લામાં વરસેલા ભારે વરસાદ વચ્ચે ૧૦૮ ની ટીમે અથાક પ્રયાસો કરીને કુલ ૭૩૦ થી વધુ ઈમરજન્સી કેસ બખૂબી અને સફળતાપૂર્વક હેન્ડલ કર્યા



છે. જેમાં ૭૩૦ થી વધુ ઈમરજન્સી કેસ, ૧૩૧ સગર્ભા મહિલાઓ, ૮૪ માર્ગ અકસ્માત, ૬૦ શ્વાસ લેવામાં તકલીફ, ૫૫ હૃદયરોગ (હાર્ટ અટેક) સંબંધિત કેસનો સમાવેશ થાય છે. ભારે વરસાદ અને રસ્તાઓ પર પાણી ભરાઈ જવાના કારણે અનેક વિસ્તારોમાં વાહનવ્યવહાર અવરોધાયો હતો. તેમ છતાં, ૧૦૮ ઈમરજન્સી સેવાની ડ્રાઈવર અને ઈમરજન્સી મેડિકલ ટેકનિશિયનની ટીમે સમયસર ઘટનાસ્થળે પહોંચીને દર્દીઓને હોસ્પિટલ પહોંચાડવાની ઉત્તમ કામગીરી કરી છે. આ સમયગાળામાં સગર્ભા મહિલાઓને હોસ્પિટલ પહોંચાડવાના ૧૩૧ કેસ સફળ રહેતા અનેક નવજાત શિશુઓ અને માતાઓ માટે ૧૦૮ આશીર્વાદરૂપ બની રહી છે. આ ઉપરાંત ગંભીર બીમારીઓ જેવી કે હૃદયરોગના હુમલા અને શ્વાસની તકલીફના દર્દીઓને તાત્કાલિક ઓક્સિજન અને પ્રાથમિક સારવાર આપીને જીવ બચાવવામાં આવ્યા છે. હવામાન વિભાગ દ્વારા આગામી દિવસોમાં પણ વરસાદી માહોલ યથાવત રહેવાની આગાહી વ્યક્ત કરવામાં આવી છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વડોદરા ૧૦૮ ઈમરજન્સી સેવાનું સમગ્ર વહીવટી તંત્ર અને ફિલ્ડ સ્ટાફ રાત-દિવસ સજ્જ છે.

### વિશ્વામિત્રી બચાવો સમિતિ દ્વારા પક્ષપાતના આરોપ કરાયા

# માંજલપુર પેટા ચૂંટણી મામલે CEOને ફરિયાદ કરવામાં આવી

( પ્રતિનિધિ ) વડોદરા,તા.1

વિશ્વામિત્રી બચાવો સમિતિ, વડોદરા દ્વારા ચીફ ઈલેક્શન ઓફિસર ગુજરાતને લેખિત રજૂઆત કરીને 174-માંજલપુર વિધાનસભાની પેટા ચૂંટણીમાં ગંભીર અનિયમિતતાઓના આક્ષેપો કર્યા છે. સમિતિએ તા. 30 જુલાઈના રોજ થયેલા મતદાન દરમિયાન ચૂંટણી અધિકારીઓ અને જિલ્લા વહીવટી તંત્ર પર શાસક પક્ષને ફાયદો કરાવવા એકતરફી કામગીરી કરવાનો આરોપ લગાવ્યો છે. વિશ્વામિત્રી પર્યાવરણ બચાવો સમિતિના આગેવાન એડવોકેટ શૈલેષ અમીનના જણાવ્યા મુજબ, મતદાનના દિવસે 174-માંજલપુર વિસ્તારમાં બહારના લોકો અને વાહનો સાથે ખાનગી હથિયારો લઈને જાહેરમાં ધાકધમકીનું વાતાવરણ સર્જવામાં આવ્યું હતું. રીપ્રેઝન્ટેશન ઓફ ધી પીપલ એક્ટ 1951 ના નિયમો અને આદર્શ આચારસંહિતાનો ખુલ્લેઆમ ભંગ કરીને ઢોલ-નગારા, થાળી-વેલણ સાથે 15-20 લોકોના ટોળા મતદાર જાગૃતિના નામે રેલી સ્વરૂપે ફરતા હતા. આમ છતાં ચૂંટણી અધિકારી અને પોલીસ દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી. વડોદરા પોલીસ કમિશ્નરના ચારથી વધુ લોકો ભેગા ન થવાના જાહેરનામાનો પણ ભંગ છતાં ચૂંટણી અધિકારીઓની આંખ સામે થવા છતાં તેઓએ પોતાની બંધારણીય ફરજ નિભાવી. સમિતિએ માંગ કરી છે કે આ મામલે ચૂંટણી અધિકારી, નોડલ ઓફિસર, જિલ્લા ચૂંટણી અધિકારી, ઓબ્ઝર્વર્સ અને વડોદરા પોલીસ સામે તાત્કાલિક કાયદેસરની અને ફોજદારી કાર્યવાહી કરવામાં આવે. તેમજ ભવિષ્યમાં આવી ઘટનાઓ ન બને તે માટે સંબંધિત અધિકારીઓને ફરજ પરથી દૂર કરવામાં આવે. ચૂંટણીના પરિણામ સાથે કોઈ નિસ્બત નથી, પરંતુ ભારતના બંધારણ અને લોકશાહીને બચાવવા માટે નિષ્પક્ષ ચૂંટણી યોજવી જરૂરી છે.

### વડોદરાના અકોટામાં મસમોટો ભુવો પડ્યો

# શ્વાન ખાબકતાં ફાયર બ્રિગેડે કર્યું રેસ્ક્યુ, તંત્ર સામે સ્થાનિકોમાં ભારે આક્રોશ

**સ્માર્ટ સિટી** વડોદરામાં ડ્રેનેજ લાઇનની નબળી કામગીરી ખુલ્લી પડી; મોટી જાનહાની ટળી

( પ્રતિનિધિ ) વડોદરા,તા.1

સંસ્કારી નગરી વડોદરાના પોશ ગણાતા અકોટા વિસ્તારમાં માર્ગ પર અચાનક મસમોટો ભુવો પડી જવાની ગંભીર ઘટના સામે આવી છે. અકોટા વિસ્તારના મુખ્ય માર્ગ પર અચાનક જમીન ઊંડે સુધી બેસી જતાં વાહનચાલકો અને રાહદારીઓમાં ભારે અફરાતફરી અને ભયનો માહોલ સર્જાયો હતો. આ ભુવો એટલો ઊંડો અને પહોળો હતો કે જેમાં આખી કાર કે પછી કોઈ મોટી હોનારત સર્જાઈ શકે તેમ હતી. આ ભુવો પડ્યાના



થોડા જ સમયમાં માર્ગ પરથી પસાર થઈ રહેલું એક રખડતું શ્વાન અંદર ખાબક્યું હતું, જેના કારણે આસપાસના રહીશોમાં ભારે ચિંતા પ્રસરી ગઈ હતી. બનાવ અંગેની જાણ થતાં જ આસપાસના સ્થાનિક રહીશો ઘટનાસ્થળે એકઠા થઈ ગયા હતા અને ત્વરિત ધોરણે વડોદરા ફાયર બ્રિગેડને કંટ્રોલ રૂમ મારફતે જાણ કરવામાં આવી હતી. ઘટનાની ગંભીરતા જોઈને ફાયર બ્રિગેડનો કાફલો રેસ્ક્યુ વાહન સાથે તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યો હતો. ફાયર બ્રિગેડના જવાનોએ દોરડાં અને ખાસ રેસ્ક્યુ સાધનોની મદદથી ઊંડા ભુવામાં ઊતરીને ભારે જહેમત બાદ શ્વાનને સહીસલામત રીતે બહાર કાઢ્યું હતું. શ્વાનનો આબાદ બચાવ થતાં ઉપસ્થિત લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. જોકે, આ સમગ્ર બનાવ બાદ વડોદરા મહાનગરપાલિકા ની પ્રી-મોન્સૂન અને કન્સ્ટ્રક્શન કામગીરી સામે સ્થાનિકોનો ગુસ્સો ફાટી નીકળ્યો હતો. સ્થાનિક રહીશોએ તંત્ર સામે રોષ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, સ્માર્ટ સિટીના મોટા મોટા દાવાઓ કરવામાં આવે છે, પરંતુ ડ્રેનેજ લાઈનની નબળી કામગીરી અને ભ્રષ્ટાચારને કારણે વારંવાર આવા ભુવા પડવાની ઘટનાઓ બને છે.